# ધોરણ-11
# વિષય : સંગીત (કંઠ્ય અને સ્વરવાદ્ય)

## વિભાગ-1 (સૈદ્ધાંતિક)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. પારિભાષિક શબ્દો | MU1103 - હિ. સં.ના તકનીકિ સિદ્ધાંતો...<br>MU1104 - રાગોની ઉત્ક્રાંતિ પારિભાષિક શબ્દો<br>MU1107 - સંગીતના તત્ત્વો વિશે..... | – |
| | MU1101 - સંગીતના વિવિધ પ્રકારો.... | |
| 2. ગીત પ્રકારો | MU1102માં દર્શાવેલ અતરંગ, ટપ્પા, હોરીગીત, કજરી, શાસ્ત્રીયસંગીતના વિવિધ ગીત પ્રકારો છે. | ● શાસ્ત્રીય સંગીત<br>● ઉપશાસ્ત્રી સંગીત<br>● સુગમ સંગીત તેમજ લોકસંગીતની વિભાવના. |
| 3. રાગ જ્ઞાન | MU1104 - રાગોની ઉત્ક્રાંતિ<br>MU1105 - ભાતપાંડે - પલુસ્કરજીની સાંકેતિક લિપિ | – |
| 4. તાલ જ્ઞાન | MU1103 - હિન્દુસ્તાની સંગીતના તકનિકી સિદ્ધાંતો<br>MU1108 - સંગીતના વાદ્યોનું વર્ગીકરણ સમજ. | ● તાલને હાથમાં માત્રા વડે ગણતરી કરાવવાનો મહાવરો<br>● સંકેત, ખાલી સમતાલીની |
| 5. તાન, થાટ અને નાદ પરિચય | MU1101 - સંગીતના વિવિધ પ્રકારોમાં રહેલા સૌંદર્ય શાસ્ત્ર વિશે વિશેની સમજ વિદ્યાર્થી માટે ઉપયોગી નિવડે.<br>MU1107 - પ્રાચીનગ્રંથોમાં વર્ણન કરાયેલ સંગીતના તત્ત્વો<br>MU1104 - રાગોની ઉત્ક્રાંતિ | ● દસ થાટના નામ તેમજ તેનામાંથી ઉત્પન્ન થતાં રાગો<br>– |
| 6. જીવનચરિત્ર | MU1106 - પ્રાચીન ઈતિહાસ<br>MU1109 - સંગીતની દુનિયામાં સંગીતકારોના યોગદાનની પ્રસંશા. | – |
| 7. નિબંધ | MU1106 - પ્રાચીનકાળના સંગીતનો ઈતિહાસ | – |
| | MU1108 - સંગીતના વાદ્યોનું વર્ગીકરણ પ્રકારો મુજબ<br>MU1107 - પ્રાચીનગ્રંથોમાં વર્ણન કરાયેલ તત્ત્વ (Project કાર્ય) | ● સંગીતના વિવિધ વાદ્યોના<br>● પરિયોજના કાર્ય |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sangeet

# ધોરણ-11
# વિષય : સંગીત (કંઠ્ય અને સ્વરવાદ્ય)

## વિભાગ-2 (ક્રિયાત્મક)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. સ્વરજ્ઞાન | MU1102 - અલંકાર જ્ઞાન<br>MU1103 - વિવિધ અલંકારોનો અભ્યાસ<br>MU1104 - શ્રુતિ-મુજબ સ્વર વિભાજન<br>MU1101 - નાદ-ધ્વનિની વિભાવના સમજો. | • રાગ આધારિત ત્રણથી પાંચ રાગના અલંકારો વિશેષ મહત્ત્વના બની રહે તે....<br>– |
| 2. રાગ જ્ઞાન | MU1105 - રાગનું માળખું<br>MU1108 - રાગના ઓછામાં ઓછા બે બે પ્રકારના ઉપશાસ્ત્રીય સંગીતના પ્રકારો ગાય તે. | • સ્વાધ્યાયમાં રાગ માહિતી (Project કાર્ય) |
| 3. તાલ જ્ઞાન | MU1106 - તાલના હલન-ચલન દ્વારા સમ તાલી ખાલીનો મહાવરો<br>MU1110 - ગીતમાં ઉપયોગમાં લેવાતાં તાલનો અર્થ તેમજ લયકારી સમજ. | • સ્વાધ્યાયમાં તાલ માહિતી (Project કાર્ય) |
| 4. ગીત પ્રકારો | MU1105 - વિવિધ રાગોનાં માળખા<br>MU1107 - લોકસંગીત, ફિલ્મસંગીત, પ્રાદેશિક સંગીત, ભક્તિ સંગીત તે ગાય | – |
| | MU1108 - ઉપશાસ્ત્રીય સંગીત, કજરી, દાહરા, ભક્તિગીત. | – |
| | MU1109 - લોકસંગીતનું વિશ્લેષણ<br>MU1110 - રાષ્ટ્ર(ગીત)/ગાનનું મહત્ત્વ સ્વરાંકન | • રાષ્ટ્રગાન<br>• વન્દેમાતરમ્ બન્ને ગીતોનું |
| | MU1110 અને તેને ગાવાના નિયમોની સમજ આપવી. | • (Notation) પુસ્તકમાં વધુ મહત્ત્વ દર્શાવવું. |

# ધોરણ-12
## વિષય : સંગીત (કંઠ્ય અને સ્વરવાદ્ય)
## વિભાગ-1 (સૈદ્ધાંતિક)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. પારિભાષિક શબ્દો | MU1203<br>MU1201<br>MU1202 | – |
| 2. રાગ જ્ઞાન | MU1203<br>MU1202<br>MU1206<br>MU1208 | ● વિવિધ રાગોનો ચાર્ટ (Project) રૂપે<br>– |
| 3. લય અને લયકારી | MU1207<br>MU1208 | ● વાદ્યના વિદ્યાર્થી માટે તબલામાં લયકારીના ઉમેરીને ઉદાહરણરૂપે પૂરા પાડી શકાય. |
| | MU1202 | ● વાદ્યના ઉપયોગમાં લેવાતા તાલનો ચાર્ટ<br>● યુગુન અથવા વાદ્યમાંથી ઉપજ થતાં વર્ણો..... |
| 4. સાંગીતિક વિચાર | MU1208<br>MU1204 | |
| 5. જીવનચરિત્ર | MU1209<br>MU1207 | ● Project કાર્ય |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sangeet

# ધોરણ-12
## વિષય : સંગીત (કંઠ્ય અને સ્વરવાદ્ય)

## વિભાગ-2 (ક્રિયાત્મક)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. સ્વરજ્ઞાન | MU1201<br>MU1202<br>MU1205<br>MU1203 | • રાગના અલંકાર ત્રણથી પાંચ<br>– |
| 2. રાગ જ્ઞાન | MU1201<br>MU1203<br>MU1205 | –<br>– |
| 3. તાલ જ્ઞાન | MU1204<br>MU1201 | • Project - દુગુનમાં લિપિબદ્ધ કરી બોલવાનો અભ્યાસ કરે તે સ્વાધ્યાયમાં ઉમેરવો. |
| 4. વિવિધ ગીત પ્રકારો | MU1201<br>MU1202<br>MU1203 | – |

# ધોરણ 11-12 : સંગીત અધ્યયન નિષ્પત્તિ

**પ્રસ્તાવના :**

ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સંગીતના અભ્યાસક્રમમાં કંઠ્ય (ગાયન) સંગીત, વાદ્ય સંગીત (તત્, સુષિર અને અવનધ્ધ ઉ.દા. શબ્દમાળા અથવા ફૂંકથી વાગતાં અને થાપનાં વાદ્યો). સંગીત શિક્ષણના આ તબક્કે શાસ્ત્રીય સંગીતની બે શાખાઓ - હિન્દુસ્તાની સંગીત અને કર્ણાટકી સંગીતનો અભ્યાસ કરવાનો રહે છે. હિન્દુસ્તાની સંગીત ભારતના ઉત્તર, પૂર્વી અને પશ્ચિમનાં રાજ્યોમાં પ્રચલિત છે. કર્ણાટકી સંગીત ભારતના દક્ષિણમાં આવેલાં પાંચ રાજ્યોમાં જ સૌથી વધુ પ્રચલિત છે. સંગીતની કેટલીક પાયાની બાબતો તો સમાન જ હોય છે, પરંતુ ઇતિહાસ, સૈદ્ધાંતિક (થીયરી) અને ક્રિયાત્મક (પ્રાયોગિક-પ્રેક્ટિકલ)ની દૃષ્ટિએ સંગીતની ઉપરોક્ત બંને શાખામાં ઘણો તફાવત છે.

સંગીત મુખ્યત્વે તો પ્રદર્શનની કલા છે અને એટલે જ આ વિષયમાં 70 % ભારણ ક્રિયાત્મક (પ્રાયોગિક) તાલીમ પર જ આપવામાં આવે છે, જેમાં સાત સૂર, તેમની વિવિધતાઓ, વિવિધ રાગનો અભ્યાસ, તાલ, સાંકેતિક વ્યવસ્થા/દસ્તાવેજીકરણનાં નિયમો, રાગનો ઉપયોગ, અર્ધશાસ્ત્રીય સંગીત કે જે સ્થાનિક સંગીતનો એક પ્રકાર છે, જેને શાસ્ત્રીય સંગીતનાં કેટલાંક તત્વોને સામેલ કરીને બનાવાવમાં આવેલું છે. લોક સંગીત અને સ્થાનિક સંગીત વગેરે. આ તમામ તત્વો ભેગાં મળીને ભારતીય સંગીતની રચના કરે છે.

જોકે, એક વાત યાદ રાખવી જોઈએ કે, સંગીતનાં મૂળિયાં વૈદિક કાળ એટલે કે 5000 વર્ષ જૂનાં છે. સંગીત કળાનો પ્રાચીન કાળથી વિકાસ થતો આવ્યો છે, જ્યારે મનુષ્ય આ પૃથ્વી પર તેમની આજુબાજુની કુદરતી ઘટનાઓની વિવિધતાનો અભ્યાસ કરવાની સાથે જ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાના વિવિધ માર્ગો શોધતો હતો. આમ, પ્રાચીન કાળથી વર્તમાન કાળ સુધીમાં સંગીતના ક્ષેત્રે જે ઉત્ક્રાંતિ થઈ છે, તે તેને અભ્યાસ માટેનો એક રસપ્રદ વિષય બનાવે છે. સંગીતના અભ્યાસક્રમમાં ભારતીય સંગીતના સૈદ્ધાંતિક (શાસ્ત્ર-થિયરી) વિભાગને 30% જેટલો જ ગુણભાર અપાયો છે. આ વિભાગમાં સંગીતના ઇતિહાસનો અભ્યાસ મધુર સંગીત સાંભળવાની પરાકાષ્ઠા સુધી લઈ જાય છે, ભારતીય સંગીતની વિવિધ સંકલ્પનાઓ, સ્વર અને તાલના વિવિધ પ્રકારોનો અભ્યાસ, શ્રુતિ/સ્વરસ્થાનના ઉચિત ઉપયોગની નોંધ, સંગીતનાં વિવિધ વાદ્યોનો ઇતિહાસ, સંગીતના વિકાસમાં મહત્ત્વના લોકોનો ફાળો, નિષ્ણાતો દ્વારા લખવામાં આવેલાં પુસ્તકોનો અભ્યાસ, વિવિધ પ્રકારોનો વિકાસ અને ઉત્ક્રાંતિ વગેરેનો આ વિભાગમાં અભ્યાસ કરવાનો રહેશે. સંગીતના આંતરશિસ્ત પાસાં, સમાજ સાથે તેનું જોડાણ અને તેનાં વલણો પણ અભ્યાસક્રમનાં મહત્ત્વનાં પાસાં છે.

આ દસ્તાવેજમાં, હિન્દુસ્તાની સંગીત (કંઠ્ય/સ્વર) અને કર્ણાટકી સંગીત (કંઠ્ય/સ્વર)ની અધ્યયન નિષ્પત્તિ પર ચર્ચા કરવામાં આવી છે.

**હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર :**

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં હિન્દુસ્તાની સંગીતમાં કંઠ્ય અને વાદ્ય બંનેના શાસ્ત્રીય સંગીતનો સમાવેશ થાય છે. કંઠ્ય સંગીત અથવા મધુર વાદ્યો જેવાં કે વાયોલિન, સિતાર, વાંસળી વગેરેમાં રાગનો અભ્યાસ સૌથી મહત્ત્વનો છે, જેની સાથે અર્ધશાસ્ત્રીય સંગીતની શાખાઓ જેમકે, ભક્તિ સંગીત, અર્ધશાસ્ત્રીય સંગીતના અન્ય મહત્ત્વનાં પ્રકારો અને લોકસંગીતનો પણ અભ્યાસ કરવામાં આવે છે. સંગીતની વિદ્યામાં તાલ અને લય એ સંગીતનો પ્રાણ છે. તાલ અને લયને જ્યારે મધુર અવાજ ધરાવતાં અને ફૂંક મારીને વગાડી શકાય તેવાં વાદ્યો પર વગાડતા શીખવું આ તબક્કે એટલું જ મહત્ત્વપૂર્ણ છે, કેમકે સ્વર અને તાલના સંયોજન વગર સંગીત અધૂરું છે.

**સંગીતના અભ્યાક્રમ પાસેની અપેક્ષાઓ :**

ધોરણ-11 અને 12માં અધ્યયન નિષ્પત્તિ એ માધ્યમિક સ્તરે જે અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરી હોય તેની આગળ સતત ચાલતી પ્રક્રિયા છે. આપણે સૌ જાણીએ છીએ કે, શીખવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓ જ્યારે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સ્તરે પહોંચે છે ત્યારે અધ્યયન સામગ્રી અને અધ્યયન વ્યૂહરચનાઓ તેની જટિલતા અને વિવિધતાના કારણે બદલાઈ જતી હોય છે. એટલે કે, ધોરણ-11 અને 12માં અધ્યયન નિષ્પત્તિ આમ જોઈએ તો સમાન હોય છે, પરંતુ તેમાં જટિલતા અને વિવિધતા વધી જાય છે, કેમકે આ સ્તરે વિદ્યાર્થીએ

જે તે વિષયમાં ઊંડા ઉતરવાનું હોય છે, તેનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે. વિવિધ તબક્કાનું અધ્યયન એ એક પ્રકારે શિક્ષણ વિસ્તરણ છે. અધ્યાપન પ્રક્રિયા અને તેનાં પરિણામો સાથે અધ્યયન નિષ્પતિનો આંતરસંબંધ છે. અધ્યાપન અને અધ્યયનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને સામાજિક માળખું અને સંસ્કૃતિની સમજ પૂરી પાડવા માટે અને તેમના જ્ઞાનનો વિસ્તાર કરવા માટે એક શિક્ષણના એક ગતિશીલ માળખાની જરૂર પડે છે. આ પ્રક્રિયા સ્થિર કે કોઈ નિયત રૂપરેખામાં બંધાયેલી હોતી નથી, પરંતુ અધ્યાપન પ્રક્રિયામાં સુગમતા એટલે કે સંયોગો મુજબ તેમાં પરિવર્તન કરવાની જરૂર રહેતી હોય છે. તેમાં સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે, ભારતની જે સાંસ્કૃતિક વિવિધતા છે તે પણ સૌથી મહત્ત્વનો સ્રોત છે.

એટલા માટે જ સંગીતમાં તેની બહુવિધ વિદ્યાઓ પર ધ્યાન આપવામાં આવે છે, જેમકે - ભારતીય શાસ્ત્રીય સંગીત, મહત્ત્વની વ્યક્તિઓ જેમણે સમૃદ્ધ ફાળો આપ્યો છે, મહત્ત્વનાં પાઠ્યપુસ્તકો, વારસો અથવા ઘરાના, લોકસંગીતનાં તત્વો અને વિવિધતા, સામાજિક વલણો, ધાર્મિક વિધિઓ પર સંગીતની અસરો, સંગીતનો ભાષા, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન, ગણિત જેવા વિષયો સાથેને સંબંધ. અન્ય લલિત કલાઓ જેમકે નૃત્ય, થિયેટરમાં પણ સંગીતની અપાર સંભાવનાઓ રહેલી છે. એટલે, કલાના અન્ય પ્રકારો પર સંગીતની કેવી અસરો થાય છે તે જાણવા આ પાસાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ ઉપરાંત, ભારતીય સંગીત વિશે વધુ જ્ઞાન મેળવવા માટે સંગ્રહાલયો, ઐતિહાસિક સ્મારકો, શિલ્પો પણ એક મોટું માધ્યમ છે. ઉપરોક્ત સ્થળોની મુલાકાત લો અને ભારતીય સંગીતમાં રહેલી વિવિધતા સંભાવનાઓ અને સાંસ્કૃતિક વિવિધતાને સમજવા માટે અહીં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નિહાળવા જોઈએ. પ્રવાસનની જાહેરાતો, વિવિધ ઉત્પાદનોની જાહેરાતો, વિવિધ પ્રકારના સંદેશાઓની જાહેરાતોમાં પણ સંગીતનો ખજાનો ભરેલો હોય છે. આથી, ભારતીય સંગીતનો અભ્યાસ કરતી સમયે આ પ્રકારનાં પાસાનો અભ્યાસ કરવો અત્યંત મહત્ત્વનો અને ફરજિયાત ભાગ છે. સંગીત પ્રદર્શન પર આધારિત છે, એટલે વિવિધ મંચ જેવાકે શાળાની પ્રાર્થનાસભા, બે વર્ગ વચ્ચેની પ્રવૃત્તિઓ, વિવિધ સંસ્થાઓમાં યોજાતા નાના કાર્યક્રમો વગેરેમાં વિદ્યાર્થીઓને પોતાની કળાનું પ્રદર્શન કરવાની તક પુરી પાડવી જોઈએ.

સંગીતના વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ દરમિયાન અપેક્ષા રાખવામાં આવે છે કે, તેઓ...

- વિવિધ રાગના અભ્યાસ દરમિયાન કરેલા અભ્યાસની નોટબુક તૈયાર કરે,
- સંગીતના વિવિધ પ્રકારો જેવા કે ભજન, ફિલ્મી ગીત, લોકગીત, ગઝલ વગેરેમાં કેવા પ્રકારના રાગનો ઉપયોગ કરાયો છે તે ઓળખવું અને તેનો અભ્યાસ કરવો.
- સંગીતમાં અભ્યાસ કરવામાં આવતા સામાન્ય તાલ.
- સામાન્ય લોકોમાં રહેલા સંગીતને સમજવા માટે લોક સંગીત અથવા સ્થાનિક સંગીતનું જ્ઞાન મેળવવું. જેટલાં શક્ય હોય તેટલાં લોકગીતોને શીખવાનો પ્રયાસ કરો, જેથી વિદ્યાર્થીમાં આપણા દેશની વિવિધ ભાષાઓ, વૈચારિક પ્રક્રિયા, વિશેષ ધૂન અને દરેક પ્રદેશના વિશેષ તાલની માહિતી પ્રાપ્ત થશે. તેનાથી વિદ્યાર્થીને પ્રત્યેક ભારતીયના જીવનમાં સંગીત કેવી રીતે સંકળાયેલું છે અને વિવિધ પ્રસંગો પર સંગીતનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તેને સમજવામાં મદદ મળશે.
- ફિલ્મી સંગીત (જૂના અને નવા)ની વિશાળતા અને અર્થપૂર્ણ માધુર્ય.
- એક વિશેષ રાગમાં સંગીતની નોંધનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તે સમજવા માટે સંગીતકારો તેમની વિશેષ શૈલીમાં કેવી રીતે રાગ વગાડે છે અને ગાય છે તે જુઓ અને સમજો. આ સાથે જ વિદ્યાર્થીઓ પાસે એ હકીકત સમજવાની અપેક્ષા રાખવામાં આવે છે કે, રાગની એક જ પ્રકારની નોંધ હોવા છતાં પણ તેમાં અવાજની અલગ રીતે પ્રસ્તુતિકરણની સંભાવના રહેલી છે, જેનું કારણ તેને વિવિધ ઘરાના દ્વારા આપવામાં આવતી અલગ પ્રતિક્રિયા છે.
- ભારતીય સંગીતમાં તાલ એક તેના સ્વરૂપ અનેક છે. ગાયન, વાદન અને નૃત્યની આંટીઘૂંટીમાં તાલ રચાય છે. તાલમાં લયકારી ગણિત અને સૂક્ષ્મ ભાગની ગણતરી થાય છે. ભારતીય સંગીત સ્વરપ્રધાન છે અને વિદેશી સંગીત તાલ-પ્રધાન છે આ જ ભારતીય સંગીતનું મહત્ત્વનું પાસું છે.

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમુહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓને...** | MU1101 | **વિદ્યાર્થી...**<br>નાદ અને ધ્વનિની વિભાવનાને સમજે છે, સંગીતમય અને બિનસંગીતમય ધ્વનિને સમજે છે. |
| ● નાદના પાસાઓનો અભ્યાસ કરાવો (નાદના પ્રકાર - આહત નાદ અને અનાહત નાદ) અને ધ્વનિ<br>● તમારી નજીકના વાતાવરણમાં રહેલા વિવિધ પ્રકારના ધ્વનિને સાંભળો - સંગીતમય અને બિનસંગીતમય અને તેમની લાક્ષણિકતાઓને સમજાવવી. | MU1102 | જુદી-જુદી ઝડપમાં શુદ્ધ નોંધના આધારે અલંકાર ગાય છે અને શુદ્ધ નોંધના આધારે અલંકારનું સર્જન કરે છે, અલંકારને પોતાની નોટબુકમાં નોંધે છે અને ગાવાનો અભ્યાસ કરે છે. |
| ● જુદી-જુદી ઝડપે અલંકારનો અભ્યાસ કરાવો (મધ્ય લય, દ્રૂત લય) | MU1103 | વિવિધ અલંકારોનો અભ્યાસ કરતા સમયે સપ્તકના ખ્યાલને સમજે છે. શુદ્ધ અને કોમળ નોંધના સંયોજનમાં અલંકાર ગાય છે. |
| ● સપ્તક ખ્યાલ સમજતી સમયે સાત શુદ્ધ સ્વરમાં રહેલા શ્રેણીબદ્ધ જટીલ સંયોજન, જેમકે (બંને આરોહ અને અવરોહ ક્રમ)ને સમજાવવી. | MU1104 | શ્રુતિનો ખ્યાલ સમજે છે. 22 શ્રુતિના કોષ્ટકમાં સ્વરને કેવી રીતે ગોઠવવામાં આવે છે તે સમજાવે છે. |
| - સા રે મ ગ, રે ગ પ મ...<br>- સા સા ગ રે, રે રે મ ગ...<br>● બીજા શિક્ષક કે બાળક પણ કોમળ અને શુદ્ધ (12 સ્વર)નું સંયોજન બનાવરાવવું.<br>- સા રે રે ગ ગ...<br>● ઉપર દર્શાવેલા અભ્યાસક્રમમાં જણાવ્યા મુજબના રાગ...<br>- સા રે ગ, રે ગ પ, ગ પ ધ, પ ધ સા (રાગ ભૂપાલી - આરોહ ક્રમ)<br>- સા રે રે ગ, ગ મ, મ પ, પ ધ ધ નિ નિ સા<br>- સા નિ, નિ ધ, ધ પ, પ મ, મ ગા, ગા રે રે સા (રાગ ભૈરવનો આરોહ અને અવરોહ ક્રમ)<br>● તેઓ આ ખ્યાલને સમજવા માટે પોતાની રીતે સાત સ્વરને ગાઈ/વગાડી શકે છે અથવા માધ્યમિક કક્ષાએ તેમણે જે કોઈ રાગ શીખ્યો હોય તેનો અભ્યાસ કરી કરાવવો. | MU1105 | નીચે આપેલા રાગનું માળખું અને તેને કેવી રીતે ગાવા તેને સમજે છે. - અલ્હૈયા બિલાવલ, ભૂપાલી, ખમાજ, યમન, જૌનપુરી, બિહાગ, ભૈરવ, ભીમપલાસી<br>● શ્રુતિમાં રહેલા સ્વરના સ્થાન મુજબ વિશેષ રાગનો સ્વર ગાય છે.<br>● રાગમાં અલંકારનું સર્જન કરીને ગાય છે.<br>● રાગમાં આરોહ, અવરોહ અને પકડના મહત્ત્વને સમજે છે.<br>● આરોહ, અવરોહ અને પકડ ગાય છે અને સ્વરના પ્રકારો પર તેનો અભ્યાસ કરે છે.<br>● રાગમાં રહેલી વિવિધ નોંધના આધારે વિવિધ સંયોજન કરતા સમયે વાદી, સંવાદી અને અન્ય સ્વરની ભૂમિકાને સમજે છે.<br>● છોટા ખ્યાલની રચનાઓ ગાય છે.<br>● બડા ખ્યાલની રચનાઓ ગાય છે - 12 માત્રામાં<br>● જુદા જુદા તાલની રચનાઓ ગાય છે.<br>● બડા-ખ્યાલ અને છોટા-ખ્યાલને ધ્યાનમાં રાખીને આલાપ અને તાન સાથે રાગ ગાય છે. |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● જુદા જુદા રાગની નોંધના આધારે વિવિધ શ્રુતિ અને સ્વર ગાઓ/વગાડો અને તેને ધ્યાનથી સાંભળો. (સામ-સામે બેસીને, રેકોર્ડ કરેલું વગેરે). ઉદા. તરીકે અલ્હૈયા બિલાવલ, ભૂપાલી, ખમાજ, યમન, જૈનપુરી, બિહાગ, ભૈરવ, ભીમપલાસી<br>(હિન્દુસ્તાની સંગીતમાં જે 12 સ્વર ગાવામાં આવે છે, એ તમામ સ્વર આ રાગમાં આવેલાં છે) | MU1106 | તમામ તાલમાં રહેલી હાથની હલન-ચલન પ્રક્રિયાઓને યાદ કરે છે.<br>● જુદા-જુદા તાલમાં માત્રાના ખ્યાલને સમજે છે અને વિવિધ રચનાઓમાં તેના મહત્ત્વને સમજે છે. |
| | MU1107 | લોક સંગીત, ફિલ્મ સંગીત, પ્રાદેશિક સંગીત, ભક્તિ સંગીત અથવા કોઈપણ પ્રકારના સંગીતમાં એક રાગના સ્વર વિસ્તારને ઓળખે છે. |
| ● વિદ્યાર્થીઓને 22 શ્રુતિનું કોષ્ટક તૈયાર કરવા જણાવવું. | MU1108 | ઓછામાં ઓછા બે પ્રકારના ઉપશાસ્ત્રીય સંગીતને ગાય છે. દાદરા, કજરી, ભક્તિગીત |
| ● અભ્યાસક્રમમાં રહેલા વિવિધ રાગોનું અધ્યાપન (અલ્હૈયા બિલાવલ, ભૂપાલી, ખમાજ, યમન, જૌનપૂરી, બિહાગ, ભૈરવ, ભીમપલાસી) | MU1109 | લોક સંગીત ગાય છે અને તેનું વિશ્લેષણ કરે છે. |
| | MU1110 | રાષ્ટ્રગીતમાં રહેલા સ્વર, તાલનો અર્થ સમજે છે અને ગાય છે. રાષ્ટ્રીય મહત્ત્વને સમજવા માટે આ ગીતનો ઇતિહાસ જાણે છે. |
| ● રાગમાં રહેલા આરોહ અને અવરોહને શીખવવા અને ત્યાર પછી રાગમાં રહેલા વાદી, સંવાદી, અનુવાદી અને વિવાદી (જો હોય તો)ની તાલીમ આપવી. સાથે જ રાગમાં પકડ અથવા રાગના મુખ્ય ચલનનું મહત્ત્વ સમજાવવું. તેનાથી વિદ્યાર્થીને સ્વર વિસ્તારનું જ્ઞાન મળશે. સ્વરની વિવિધ રચનાઓ/પ્રકારોના સર્જન માટે પ્રોત્સાહન આપવું. | | |
| ● કોઈ એક રાગમાં રહેલા છોટા ખ્યાલ/બડા ખ્યાલ/દ્રુત ખ્યાલ આ5વા છે અને રાગમાં રહેલા જુદા-જુદા તાલ રજાખાની અથવા મસીતખાની ગત વગડાવવા. (ઓછામાં ઓછા-2) | | |
| ● કોઈ પણ રચનામાં શબ્દોને લય/તાલના પ્રકારના આધારે જોડવામાં આવે છે, જે ધ્યાન આપવા યોગ્ય અને સમજણ માટેનું તત્વ છે. આથી સમયાંતરે આ તત્વોને વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવતા રહેવું જોઈએ. | | |
| ● ખ્યાલની તાલ અને ગતિનું સંતુલન જાળવી રાખીને એક રાગમાં રહેલી સરગમ / સ્વર | | |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| વિસ્તાર / અલંકારિક તાનને લય/ દ્વારા શીખવવું.<br>● બડા ખ્યાલ/વિલંબિત ખ્યાલને 12 માત્રામાં શીખે છે અને પછી તેને 24 માત્રા સુધી લઈ જાય તેવો પ્રયત્ન કરવો.<br>● વિલંબિત ખ્યાલ અને દ્રુત ખ્યાલમાં રહેલા સ્વર વિસ્તારનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખવવું.<br>● વિવિધ પ્રકારના તાલ જેમકે, ત્રિતાલ, કહરવા, દાદરા, એકતાલ, ચૌતાલ, સુલતાલ યાદ કરવાનો અભ્યાસ કરે છે અને વિભાગ, માત્રા, ખંડ, તાલી, ખાલી, સમ, ઠેકા વગેરે ખ્યાલોને હાથના હલન-ચલનથી સમજાવવું.<br>● તબલા પર અથવા ઈલેક્ટ્રોનિક તબલા પર વગાડવામાં આવતા તાલને ધ્યાનથી સંભળાવવા છે અને તેમાં આવતા ઠેકાને સમજાવવા.<br>● ગતિ/લયના પ્રકારોને સમજવા અને જુદા-જુદા તાલને સમજવા માટે અલગ-અલગ રચનાઓ ગવડાવવી.<br>● અભ્યાસક્રમમાં આપેલા તમામ રાગના આલાપ, તાન, ઝાલા, મીંડ, તોડા વગાડો.<br>● વિદ્યાર્થીઓમાં સ્વર વિસ્તાર દ્વારા રાગને ઓળખવાની ક્ષમતા કેળવો.<br>● આપણા દેશમાં કેટલા પ્રકારનું સંગીત છે તેને સમજવા માટે સંગીતના જુદા-જુદા પ્રકારો ધ્યાનપૂર્વક સંભળાવો. જેમકે, શાસ્ત્રીય સંગીતમાં રાગો (કંઠ્ય અને વાદ્ય બંનેમાં), જુદા-જુદા રાજ્યોમાં રહેલું લોકસંગીત, પ્રાર્થના ગીત, ઋતુ આધારિત ગીતો, રીવાજો આધારિત ગીતો, લોક સંગીત વગેરે.<br>● સંગીતના ઉપશાસ્ત્રીય પ્રકારો જેમકે દાદરા, કજરી વગેરે શીખવવા.<br>● સુગમ સંગીત વિશેનું જ્ઞાન કેળવવું, જેમકે, | | |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sangeet

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ગીતો, સ્થાનિક ગીતો, રાષ્ટ્રભક્તિના ગીતો, પ્રાર્થના ગીતો વગેરે.<br>● લોક સંગીતનું જ્ઞાન મેળવવું અને તેનું વિશ્લેષણ કરવું.<br>● જુદા જુદા રાજ્યોનાં લોક સંગીત<br>- બે લોકગીત શીખો, જેમાંથી એક તમારી માતૃભાષાનું હોવું જોઈએ.<br>- કોઈ અન્ય ભાષાનાં બે લોકગીત<br>- કોઈપણ પ્રદેશ/રાજ્યના લોક વાદ્યો વિશે જાણો અને શીખો.<br>● દરેક ગીતનો હંમેશાં એક વિષય હોય છે, જે સમુદાયમાં જન્મ, લગ્ન, તહેવાર, રિવાજ અને પરંપરા સાથે સંકળાયેલો હોય છે અને સમાજમાં થતી આવી જ ઘટનાઓ સાથે સંકળાયેલો હોય છે. આ ગીતમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દોનો અર્થ જાણવાનો પ્રયાસ કરો, તેની બોલી જાણો અને વિષયનું વિશ્લેષણ કરો.<br>- વંદે માતરમ અને રાષ્ટ્રગીતમાં રહેલા શબ્દો, સ્વર, તાલ અનેતેના ઈતિહાસની માહિતી મેળવો અને તેની નોંધ કરો.<br>- એક ભક્તિ ગીત અને બે પ્રાર્થના ગીતનું માળખું શું છે અને તાલ માટે કયા વાદ્યોનો ઉપયોગ કરાયો છે તે જાણો.<br>- આવા જ સ્વર વિસ્તાર ફિલ્મ સંગીત/સ્થાનિક ફિલ્મ સંગીત/લોક સંગીતમાં શોધો અને તેને તમારી નોટબુકમાં નોંધો. | | |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...** | | **વિદ્યાર્થી...** |
| | MU1101 | સંગીતના વિવિધ પ્રકારોમાં રહેલા સૌંદર્ય શાસ્ત્રની પ્રશંસા કરે છે. |
| ● આકેલા નિયમોની સરખામણી કરાવવી, તેમને પ્રયોગાત્મક ભાગ સાથે સાંકળવા અને નીચે આપેલાં ઉદાહરણો સાથે તેમને પરિભાષિત કરાવવા...<br>- સંગીત<br>- શાસ્ત્રીય સંગીત : હિન્દુસ્તાની અને કર્ણાટકી<br>- ઉપશાસ્ત્રીય સંગીત<br>- સુગમ સંગીત<br>- લોક સંગીત | MU1102 | સંગીતના વિવિધ પ્રકારો વચ્ચેનો તફાવત રજૂ કરે છે, જેમ કે,<br>- શાસ્ત્રીય સંગીત<br>- ઉપશાસ્ત્રીય સંગીત<br>- સુગમ સંગીત<br>- લોક સંગીત<br>- અત્યાર સુધી જે શીખ્યું છે તેમની તુલના કરે છે અને તેના વિશે લખે છે. |
| | MU1103 | હિન્દુસ્તાની સંગીતના તકનિકી સિદ્ધાંતોને પરિભાષિત કરે છે. |
| - તકનિકી શબ્દનો અભ્યાસ કરે છે, જેમ કે, ધ્વનિ નાદ, શ્રુતિ, સ્વર, સપ્તક, વર્ણ, રાગ, જાતિ, ગ્રામ, મૂર્છના લય અને તેના પ્રકારો, ગત (મસીતખાની, રજાખાની), તાલ, વિભાગ, માત્રા, તાલી, ખંડ, ખાલી, સામ, ઠેકા વગેરે. | MU1104 | રાગોની ઉત્ક્રાંતિ અને ઐતિહાસિક પાસાને પારિભાષિક શબ્દો દ્વારા સમજાવે છે. |
| | MU1105 | ભાતખંડે અને પલુસ્કરની સાંકેતિક પદ્ધતિ દ્વારા રચનાઓ લખે છે. |
| | MU1106 | પ્રાચીન કાળના સંગીતનો ઈતિહાસ જાણે છે. |
| - આ શબ્દોને પ્રાયોગિક અધ્યયનમાં સાંકળવા. | MU1107 | પ્રાચીન ગ્રંથોમાં વર્ણન કરાયેલાં સંગીતનાં તત્વો વિશે માહિતી મેળવે છે. |
| ● નીચે આપેલા રાગના પારિભાષિક શબ્દોને સમજો અને તેની સાથે જ ભારતીય શાસ્ત્રીય સંગીતની ઈતિહાસની પ્રગતિ વિશે વંચાવવું.<br>- માર્ગી - દેશી<br>- નિબદ્ધ - અનિબદ્ધ ગાન<br>રાગની ઉત્ક્રાંતિ<br>- થાટ - રાગ વ્યવસ્થા... | MU1108 | સંગીતનાં વાદ્યોના વર્ગીકરણ પાછળ રહેલા સિદ્ધાંતોને સમજે છે અને તેમને ગણિત અને ભૌતિક શાસ્ત્ર સાથે સાંકળે છે. |
| | MU1109 | સંગીતની દુનિયામાં સંગીતકારોના યોગદાનની પ્રશંસા કરે છે. |
| ● નીચેના લેખકો દ્વારા બનાવેલી સાંકેતિક પદ્ધતિથી લખવાનું શીખે છે.<br>પંડિત વી.એન. ભાતખંડે સંકેત પદ્ધતિ<br>પંડિત વી. ડી. પલુસ્કર સંકેત પદ્ધતિ | | |
| - રામાયણ અને મહાભારત કાળના સંગીત વિશે વાંચે છે. | | |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| - સંગીતના મહાન ગ્રંથોનું પ્રાથમિક જ્ઞાન મેળવે છે. સામવેદ, નાટ્યશાસ્ત્ર<br>● ભારતીય સંગીત વાદ્યોનું વર્ગીકરણ<br>- તંતુ વાદ્યો - (તત્ વિતત્ વાદ્ય)<br>- અવનદ્ય - પવન (ફૂંકથી) વાગતા વાદ્યો<br>- ઘન - ધાતુનાં બનેલાં વાદ્યો<br>(ઉદા. તરીકે તાનપુરા, સિતાર, સરોદ, ગિટાર, વાયોલિન, ઈસરાજ, વાંસળી, હાર્મોનિયમ, તબલાં, પખવાજ, ઢોલક, કી-બોર્ડ વગેરે)<br>● વિદ્યાર્થીઓ પાસે સંગીતનાં સાધનોમાં ગણિત અને વૈજ્ઞાનિક પદ્ધતિઓના મહત્ત્વ સંબંધિત એક પ્રોજેક્ટ તૈયાર કરાવવો. (વાદ્યના ધ્વનિના ગાણિતિક પરિમાણો અને અવાજના ઉત્પાદન પાછળ રહેલા તર્ક)<br>● સંગીતનાં સાધનોનું માળખું સમજવા અને ગણિત તથા ભૌતિક વિજ્ઞાન સાથેના તેમનાં સંબંધને સમજાવવા માટે સંગીતનાં વાદ્યોનાં ચિત્રો દોરાવવાં.<br>● કંઠ્ય અને વાદ્ય સંગીતના વિવિધ ઘરાના/ વાણીનો ટૂંકો અભ્યાસ કરાવવો.<br>● કંઠ્ય સંગીતના ઘરાના - ગ્વાલિયર, આગરા, કિરાના, જયપુર, દિલ્હી, પટિયાલા, રામપુર-સાશ્વાન<br>● વાદ્ય સંગીતના ઘરાના - સાનિયા<br>● વિદ્યાર્થીઓને ભારતીય સંગીતના ઇતિહાસમાં યોગદાન આપનારા જાણીતા વિદ્વાનો અને સંગીતકારોનું જીવનચરિત્ર વાંચવા પ્રેરિત કરો.<br>- અમીર ખુશરો<br>- સ્વામી હરિદાસ<br>- મિયાં તાનસેન<br>- બૈજુ બાવરા<br>- સદારંગ-અદારંગ<br>- પં. વી.એન. ભાતખંડે<br>- પં. વી.ડી. પલુસ્કર | | |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમુહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...**<br>● નીચે આકેલા રાગો શીખવવા...<br>- ભૈરવી, આસાવરી, કાફી, બિહાગ, દેશ, બાગેશ્રી, શુદ્ધ સારંગ, માલકૌંસ (શાસ્ત્રીય સંગીતના સિદ્ધાંતોના આધારે વિગતવાર શીખવવા)<br>● વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ રાગો પણ શીખવા જોઈએ અને તેમની બંદિશો સમજાવવી જોઈએ.<br>- વિલંબિત ખ્યાલ - એક<br>- દરેક રાગમાં આલાપ અને તાન સાથે દ્રુત ખ્યાલ<br>- લક્ષણગીત - એક<br>- સરગમ ગીત - બે<br>- ધમાર - એક<br>- તરાના - એક<br>● સંગીતના વાદ્યો વગાડતા સમયે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.<br>- આપેલા રાગમાં સરળ વર્ણન સાથે બે ગત અને થોડાં તોડા.<br>- આપેલા કોઈ પણ બે રાગમાં ઓછામાં ઓછા બે સ્વરનો ઉપયોગ કરીને મીંડનું નિર્માણ કરવું, જેમાં આલાપ, ઝાલા પણ હોવા જોઈએ. | MU1201 | **વિદ્યાર્થી...**<br>નીચે આપેલ રાગની બંદિશો અને તેને કેવી રીતે ગાવું તેના વિશે સમજ કેળવે છે - ભૈરવી, આસાવરી, કાફી, બિહાગ, દેશ, બાગેશ્રી, શુદ્ધ સારંગ, માલકૌંસ<br>- શ્રુતિમાં રહેલા સ્વરના સ્થાન મુજબ વિશેષ રાગનો સ્વર ગાય છે.<br>- રાગમાં અલંકારનું સર્જન કરીને ગાય છે.<br>- રાગમાં આરોહ-અવરોહ અને પકડના મહત્ત્વને સમજે છે.<br>- આરોહ, અવરોહ અને પકડ ગાય છે અને સ્વરના પ્રકારો પર તેનો અભ્યાસ કરે છે.<br>- રાગમાં રહેલી વિવિધ નોંધના આધારે વિવિધ સંયોજન કરતા સમયે વાદી, સંવાદી અને અન્ય સ્વરની ભૂમિકાને સમજે છે.<br>- છોટા ખ્યાલ રચનાઓ ગાય છે.<br>- 2-રાગમાં સરગમ ગીત ગાય છે.<br>- 1-રાગમાં લક્ષણગીત ગાય છે.<br>- બડા ખ્યાલની રચનાઓ ગાય છે - 12 માત્રા અને 12 માત્રા<br>- જુદા-જુદા તાલની રચનાઓ ગાય છે.<br>- બડા ખ્યાલ અને છોટા ખ્યાલને ધ્યાનમાં રાખીને આલાપ અને તાન સાથે રાગ ગાય છે.<br>- 1 રાગમાં ધમાર ગાય છે.<br>- 1 રાગમાં તરાના ગાય છે. |
| - તમામ રાગમાં તોડા અને ઝાલા સાથે દ્રુત ગતનો ઉપયોગ. | MU1202 | લોક ગીતો, ફિલ્મી ગીતો, પ્રાર્થના ગીતોમાં આ રાગના ઉપયોગની પ્રશંસા કરે છે. |
| - આપેલા રાગોમાં રૂપક અને ઝપતાલનો ઉપયોગ કરીને એક રચના તૈયાર કરવી. | MU1203 | રાગના સંકેતોના આધારે કોઈપણ પ્રકારની રચના કરે છે. |
| - બે ધૂન<br>● વિદ્યાર્થીઓને રેકોર્ડ કરેલા અસંખ્ય પ્રકારનાં સંગીત સાંભળીને વિવિધ રચનાઓમાં સ્વર | MU1204 | તમામ તાલમાં રહેલી હાથની હલન-ચલન પ્રક્રિયાઓને યાદ કરે છે.<br>- જુદા જુદા તાલમાં માત્રાના ખ્યાલને સમજે છે |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sangeet

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| શોધવાનું કહો. ત્યાર પછી તેમને રાગને સમજવા માટે સંકેતના આધારે ગાવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. એક ફિલ્મ ગીત તૈયાર કરવા માટે, ભક્તિ ગીતોની રચના કરવા માટે રાગનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તે શીખવાડો. ત્યાર પછી વિદ્યાર્થીઓને સંગીતના કોઈ મુદ્દે ચર્ચા કરવાનું કહો.<br>● કોઈ ચોક્કસ રાગમાં રચના કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.<br>● સ્વરના વિસ્તારના આધારે રાગને ઓળખવાની ક્ષમતા વિકસાવવી જોઈએ.<br>**નીચે આપેલા તાલ શીખવાડો...**<br>- હાથમાં થાપ આપીને ઠેકા યાદ કરાવો - ધમાર, ઝપતાલ, રૂપક, તેવરા સુલતાલ, ઠાહલય અને દુગન<br>- તબલા પર સરલ ઠેકા બે તાલ વગાડવાની ક્ષમતા કેળવણી.<br>● જે વાદ્ય પસંદ કર્યું હોય તેની રચના અને સૂર તાલનું જ્ઞાન. | <br><br>MU1205 | અને વિવિધ રચનાઓમાં તેના મહત્ત્વને સમજે છે.<br>તાનપુરા પર ધૂન ગાવા સક્ષમ બને છે અને તેણે જે વાદ્ય પસંદ કર્યું હોય તેના પર ધૂન વગાડવા માટે સક્ષમ બને છે. |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...** | | **વિદ્યાર્થી...** |
| ● હિન્દુસ્તાની સંગીતના તકનિકી સિદ્ધાંતોને જાણો અને સમજો, જેમકે...વર્ણ, અલંકાર, આલાપ, તાન, ઘમક, કણસ્વર, ખટકા, મૂર્કી, મીંડ, કીર્તન, ઝમાઝમા, ઘસીટ, સૂત, ગમક, મૂર્છના | MU1201<br>MU1202 | સંગીતની તકનિકી બાબતોની વ્યાખ્યાઓને સમજે છે.<br>કોઈ સંગીત રચનામાં આ તકનિકી બાબતોને ઓળખે છે અને તે ગાય/વગાડે છે. |
| ● સમકાલીન સમયમાં પ્રચલિત રાગ પદ્ધતિની મહત્ત્વની લાક્ષણિકતાઓ (અભ્યાસક્રમમાં આપેલા રાગ સાથે તેને સાંકળો)<br>- રાગનો સમય સિદ્ધાંત<br>- શુદ્ધ, છાયાલગ અને સંકીર્ણ રાગ<br>- પરમેલ પ્રવેશક રાગ | MU1203<br>MU1204 | રાગમાં સમયના સિદ્ધાંતના મહત્ત્વને સમજે છે, પરમેલ પ્રવેશક, શુદ્ધ, છાયાલગ અને સંકીર્ણ રાગ વિશે જ્ઞાન મેળવે છે.<br>વૈદિક કાળથી વર્તમાન સમય સુધીમાં સંગીતના ક્ષેત્રે થયેલી પ્રગતિ અને ઉત્ક્રાંતિની માહિતી એકઠી કરે છે અને તેની પ્રશંસા કરે છે. |
| ● ભારતીય સંગીતના ઐતિહાસિક વિકાસનો અભ્યાસ કરવો.<br>- વૈદિક કાળથી 13મી સદી સુધીનો સમયગાળો<br>- સંગીતના ગ્રંથોનો ટૂંકો પરિચય - સંગીત રત્નાકર, સંગીત મકરંદ, સંગીત પારિજાત<br>- જાતિ જ્ઞાન અને પ્રબંધ જ્ઞાન<br>- 14મી સદીથી સમકાલીન સુધીનો સમયગાળો<br>- ઘરાનાનું મૂળ અને વિકાસ<br>- સંગીતમાં શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ | MU1205<br>MU1206 | સંગીતના મહાન ગ્રંથોની ભૂમિકાને સમજે છે.<br>શાસ્ત્રીય સંગીતના પ્રોત્સાહન અને તેને સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે સંસ્થાઓની ભૂમિકાની પ્રશંસા કરે છે. |
| ● કેટલાક સમકાલીન સંગીતના વાદ્યોનો પરિચય (તાનપુરા, સિતાર, સરોદ, સંતુર, પખવાજ, વાંસળી, શહેનાઈ, ઝાંઝ, મંજીરા, ગિટાર, સિન્થેસાઈઝર, વાયોલિન) | MU1207 | વર્તમાન સમયમાં ઉપયોગમાં લેવાતા સમકાલીન સંગીતના વાદ્યોને પરંપરાગત વાદ્યો સાથે સાંકળે છે.<br>કલાકાર દ્વારા વગાડવામાં આવતા વાદ્યને ઓળખે છે અને સંગીતનો આનંદ માણે છે. |
| ● રાગ અને સાંકેતિક પદ્ધતિમાં લખવાનું સમજવું અને તેનું વર્ણન કરવું.<br>- ભૈરવી, આસાવરી, કાફી, બિહાગ, દેશ, બાગેશ્વરી, શુદ્ધ સારંગ, માલકૌંસ | MU1208 | સંગીતમાં સાંકેતિક પદ્ધતિની કળા અભિવ્યક્ત કરે છે, જે કોઈ એક સંગીત રચનાને લખવા માટે અત્યંત મહત્ત્વની હોય છે. |
| ● વિદ્યાર્થીઓને ભારતીય સંગીતના ઇતિહાસમાં યોગદાન આપનારા જાણીતા વિદ્વાનો અને સંગીતકારોનું જીવનચરિત્ર વાંચવા પ્રેરિત કરો. | MU1209 | સંગીતનો એક કલાના માધ્યમ તરીકે વિકાસ કરવા માટે સંગીતકારોએ આપેલા યોગદાનની પ્રશંસા કરે છે. |

# હિન્દુસ્તાની સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| - પં. વિષ્ણુ નારાયણ ભાતખંડે<br>- પં. વિષ્ણુ દિગંબર પાલુસ્કર<br>- બાબા બહેરામ ખાન<br>- અહેમદ જાન થિરકવા<br>- કંકે મહારાજ<br>- પાગલ દાસ<br>- ભીમસેન જોશી<br>- બિસ્મિલ્લાહ ખાન<br>- ઝાકીર હુસેન<br>- મોઈનુદ્દીન અમિનુદ્દીન ડાગર ભાઈઓ<br>- કુમાર ગાંધર્વ | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય અને સ્વર

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં કર્ણાટક સંગીતમાં કંઠ્ય અને વાદ્ય બંનેના શાસ્ત્રીય સંગીતનો સમાવેશ થાય છે. કંઠ્ય સંગીત અથવા મધુર વાદ્યો જેવાં કે વાયોલિન, વીણા, વાંસળી વગેરેમાં રાગનો અભ્યાસ સૌથી મહત્ત્વનો છે, જેની સાથે અર્ધશાસ્ત્રીય સંગીતની શાખાઓ જેમકે, ભક્તિ, સંગીત, અર્ધશાસ્ત્રીય સંગીતના અન્ય મહત્ત્વના પ્રકારો અને લોકસંગીતનો પણ અભ્યાસ કરાવવામાં આવે છે. આ શાખાઓની સાથે જ સંગીતની સૈદ્ધાંતિક બાબતોનો પણ સારી રીતે અભ્યાસ કરવો જરૂરી છે. સંગીત તમામ પ્રકારોમાં તાલ અને લય અલગ પાડી શકાય એવા તત્વો નથી, એટલે જુદા-જુદા રાગનું જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે જ વિવિધ પ્રકારના તાલની વિગતો જાણવી પણ અત્યંત જરૂરી છે.

**સંગીતના અભ્યાસક્રમ પાસેની અપેક્ષાઓ :**

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સ્તરે સંગીતના શિક્ષણને એક સતત ચાલતી પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે. જેમકે, ધોરણ-11માં જે જ્ઞાન મેળવ્યું હોય તે ધોરણ-12માં આગળના અભ્યાસનો માર્ગ તૈયાર કરે છે. કેટલીક વખત, વિદ્યાર્થી બંને ધોરણમાં એક જ વિષયનો અભ્યાસ કરતો હોય છે, પરંતુ આગળના ધોરણમાં જે તે વિષયની જટીલતાઓમાં જરૂર વધારો થશે અને તે વિદ્યાર્થીને જે તે વિષયનું ઊંડૂ જ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

ધોરણ-11 અને ધોરણ-12માં સંગીતના શિક્ષણમાં મુખ્યત્વે શાસ્ત્રી, અર્ધશાસ્ત્રી, સુગમ અને લોક સંગીત પર દૃષ્ટિપાત કરવામાં આવતો હોય છે. આ ઉપરાંત ભારતીય સંગીતની ઐતિહાસિક બાબતો, જેમકે, તેનું મૂળ અને વિકાસ, સંગીતના ગ્રંથોનું મહત્ત્વ, બે અલગ પદ્ધતિ - કર્ણાટક અને હિન્દુસ્તાની સંગીતનો પણ સમાવેશ કરવામાં આવે છે. પારિભાષિક શબ્દોની માહિતી મેળવવાથી વિદ્યાર્થીને વિષયની મૂળભૂત બાબતોને સમજવામાં સરળતા રહે છે. આ સાથે જ જુદા-જુદા રાગ, તાલ અને તેનું વર્ગીકરણ, સંગીતના વિવિધ પ્રકારો પણ અભ્યાસક્રમનું એક મહત્ત્વનું પાસું છે. આ ઉપરાંત, સંગીતનાં વિવિધ વાદ્યો અને તેમનું વર્ગીકરણ પણ વિદ્યાર્થીના સંગીત વિશેના જ્ઞાનમાં વધારો કરે છે. છેલ્લું પરંતુ અંતિમ નહીં, સંગીતના વિકાસ અને પ્રગતિમાં વર્ષોત્તર યોગદાન આપનારા મહાન સંગીતકારો અને સંગીત શાસ્ત્રીઓ વિશે માહિતી મેળવવી પણ વિદ્યાર્થીઓ માટે એટલું જ મહત્ત્વનું છે. સૈદ્ધાંતિક બાબતોના જ્ઞાનની સાથે સાથે વિદ્યાર્થીને તેણે પ્રાપ્ત કરેલા સંગીતના જ્ઞાનને દર્શકો સમક્ષ રજૂ કરવાની પણ પૂરતી તક મળવી જોઈએ. તેનાથી, વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં ગજબનો વધારો થાય છે. એ વાતમાં શંકાને કોઈ સ્થાન થી કે, શ્રોતાઓ તરફથી વિદ્યાર્થીઓને જે પ્રશંસા પ્રાપ્ત થાય છે તેનાથી તેઓ સંગીતમાં વધુ ઊંડે ઉતરવા માટે પ્રોત્સાહિત થાય છે.

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...** | | **વિદ્યાર્થી...** |
| • નાદનાં બે પાસાંનો અનુભવ કરો (આહત નાદ અને અનાહત નાદ) | MU1101 | નાદ અને ધ્વનિનો ખ્યાલ સમજે છે અને સંગીત અને બિનસંગીત ધ્વનિ વચ્ચે તફાવત પાડે છે. |
| • વિદ્યાર્થીઓને તેમની આજુબાજુમાં રહેલા ધ્વનિ (અવાજ)ને ધ્યાનથી સાંભળવાનું કહો અને ત્યાર પછી તેની લાક્ષણિકતાઓના આધારે તેને સંગીત અને બીન સંગીતમાં વર્ગીકૃત કરવાનું કહો.<br>• માયા માલવ ગૌડી રાગમાં આદિ તિગુન ગતિ સાથે સરલી વારિસાઈનો અભ્યાસ કરાવવો. | MU1102 | સાત સ્વર અને વિવિધ પાયાના અભ્યાસ ગાય છે/ વગાડે છે, જેમ કે માયા માલવ ગૌડી રાગમાં સરલી વારિસાઈ, મધ્ય સ્થાયી વારિસાઈ, જનતા વારસાઈ, વક્ર વારિસાઈ/ધાતુ વારિસાઈ. સાત શુદ્ધ સ્વરો શ્રુતિસ્થાનપર વિવિધ ગતિમાં વિવિધ અલંકારને શુદ્ધતાપૂર્વક ગાવાનો મહાવરો રાખે છે. |
| • અકારા, ઉકાર, ઈકાર, ઓકારા અને હુંકારની તમામ કસોટીને ગાઓ. ઉદા. તરીકે, ઉપરના તમામ સ્વર પ્રકારોને ‘અ’, ‘ઉ’, ‘ઈ’, ‘ઓ’ અને ‘હું’ ધ્વનિનો ઉપયોગ કરીને ગાઓ. | MU1103<br>MU1104 | પિલારી અને સંચારી ગીતમાં ગાય છે. વગાડે છે.<br>રાગ બિલહારી, શંકરભરનમ અને કલ્યાણીમાં સ્વરજાતિ/જાતિસ્વરમ ગાય છે/વગાડે છે. |
| • આ જ અભ્યાસને અન્ય સંપૂર્ણ રાગોમાં ગાઓ - જેમકે, શંકરભરણમ, કલ્યાણી, ખારહરપ્રિયા, સિમહેન્દ્ર મધ્યમમ વગેરે.<br>• રાગમાં આરોહ અને અવરોહ શીખો, જેમાં ગીતમની પણ તાલીમ આપવામાં આવેલી છે.<br>• ગીતમના સ્વર અને સાહિત્ય ભાગને સમજો.<br>• સંપૂર્ણ ગીતમને તમામ 3 ગતિમાં ગાઓ.<br>• ગીતમને સાંકેતિક ભાષામાં લખો અને બંને સ્વરમ અને સાહિત્યમ વિશે તમારી નોટબુકમાં નોંધ કરો. | MU1105<br>MU1106<br><br>MU1107 | આદિ તાલમાં તનાવર્ણમ્ ગાય છે / વગાડે છે.<br>પુરનદરદાસા, અન્નામાચાર્ય અને ભદ્રચલમ રામદાસા દ્વારા રચિત સાદી કીર્તનમ રચનાઓ ગાય છે / વગાડે છે.<br>શ્રી ત્યાગરાજા, શ્રી મૃત્તુસ્વામી દિક્ષિતર, શ્રી શ્યામા શાસ્ત્રી અને મહારાજા સ્વાતિ તિરુનલ દ્વારા રચવામાં આવેલી કૃતિઓ ગાય છે / વગાડે છે. જેમાં વિવિધ તાલ જેવા કે - આદિ, રુપકમ, મિશ્ર ચાપુ અને ખાનડા ચાપુનો ઉપયોગ કરાયો છે. |
| • સ્વર શીખો અને તેને અનુરૂપ સ્વરજાતિના સાહિત્યને પણ શીખો.<br>• બંદિશની રચનાનું વિશ્લેષણ કરો.<br>• ગીતમ અને સ્વરજાતીની બંદિશોનું નિરીક્ષણ કરો અને ત્યાર પછી બંદિશના આધારે તેમની | MU1108<br><br>MU1109 | મનોધર્મ સંગીતનાં વિવિધ પાસાં ગાય છે / વગાડે છે, જેમકે, આદિ અને રમકમ તાલમાં રાગ આલાપના અને કલ્પના સ્વર.<br>સંગીતના અન્ય પ્રકારો જેમ કે - પદમ, જવાલી અને તિલાનાની લાક્ષણિકતાઓ સમજે છે અને ગાય / વગાડે છે. |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| વચ્ચે રહેલા તફાવતને જણાવો. | | |
| • તમારા નિરીક્ષણોનો એક દસ્તાવેજ બનાવો અને તમારા વિચારોની વહેંચણી માટે તેને તમારા સહાધ્યાયીને આપો. | MU1110 | વિવિધ લોક સંગીતનું વિશ્લેષણ કરે છે અને તેમને ગાય / વગાડે છે. |
| • આદિ તાલમમાં એક વર્ણમના પૂર્વાંગમ (પલ્લવી, અનુપલ્લવી અને મુક્તથી સ્વરમ)માં રહેલા સ્વર (ધાતુ) અને સાહિત્યમ (માતુ) વિશે જાણો અને તેનો બે ડિગ્રીની ગતિ સાથે અભ્યાસ કરો.<br>• વર્ણમના ઉત્તરાંગમ (ચરણમ અને ચિટ્ટાઈ સ્વરમ)માં સ્વર વિભાગ (ધાતુ) વિશે શીખો અને સંપૂર્ણ વર્ણમનો બે ડિગ્રીની ગતિમાં અભ્યાસ કરો.<br>• વર્ણમનાં વિવિધ અંગોનાં નામ તમારી નોટબુકમાં નોંધો.<br>• આ વર્ણમના સંગીતકારનું નામ શોધો.<br>• સંગીતકાર વિશે કેટલીક પાયાની માહિતી એકઠી કરો અને એ જ સંગીતકારની બીજી રચનાઓ જુઓ તથા તેમની માહિતી તમારી નોટબુકમાં નોંધો.<br>• ગીત અને તેના અર્થ દ્વારા એક સંગીત રચના વિશે સમજ કેળવો.<br>• કીર્તનમાં વિવિધ અંગે વિશે લખો અને અત્યાર સુધી તમે શીખેલા સંગીતના વિવિધ પ્રકારથી તે કેવી રીતે અલગ પડે છે તેનું વિશ્લેષણ કરો.<br>• આ સંગીતકારોની રચનાઓની બંદિશોની સરખામણી કરો અને તેમાં રહેલા તફાવતને નોંધો, જો કોઈ હોય તો.<br>• કર્ણાટકી સંગીતના આ અગ્રણી સંગીતકારો દ્વારા રચવામાં આવેલી 4 જુદી જુદી રચનાઓ વિશે જાણો. | MU1111 | આપેલા રાગમાં મનોધર્મ સંગીતનાં વિવિધ પાસાં અને સંગીત રચનાઓ વગેરે શીખે છે અને તેને ગાય/વગાડે છે. |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • ગીતોના અર્થ સમજો.<br>• આ સંગીતકારો દ્વારા તેમની રચનાઓમાં જ જુદા-જુદા સુશોભિત અંગોનો ઉપયોગ કરાયો હોય તેને શોધો અને લખો - જેમ કે, સંગાતીસ, સ્વરઅક્ષરાસ, ચિટ્ટાઈ સ્વરમ, સ્વર સાહિત્યમ, વિવિધ પ્રકારની મુદ્રાઓ વગેરે.<br>• આ સંગીતકારોની રચનાઓના વિવિધ ઘટકો જેમકે બંદિશ, સંગીતની સામગ્રી, ભાષા વગેરેનું વિશ્લેષણ કરો.<br>• રાગનો વિગતવાર અભ્યાસ કરતા સમયે તેના મહત્ત્વપૂર્ણ ઘટકો જેમકે, વાદી અને સંવાદી સ્વર વગેરેને ખાસ ધ્યાનમાં રાખવાનું શીખવાડો, આ સાથે જ જનતા સ્વર, ધાતુ સ્વર વગેરેનો પ્રયોગ કરવાનું પણ વિદ્યાર્થીઓને શીખવાડો.<br>• રાગના અભ્યાસ દરમિયાન રાગ આલાપની પ્રક્રિયા શીખો.<br>• આપેલા તાલનાં કલ્પના સ્વરને ગાવાની પદ્ધતિનો અભ્યાસ કરો.<br>• કલ્પના સ્વરનો અભ્યાસ કરતી સમયે સાદી સ્વર પદ્ધતિઓ/તીરમનમ અને કોરવાઈને સામેલ કરવાનું શીખો.<br>• આ ક્ષેત્રના નિષ્ણાતોને સાંભળો અને મનોધર્મના વિવિધ પાસાંને શીખવાડતા સમયે તેમની રચનાત્મક ક્ષમતાઓ વધારો.<br>• ગીતના શબ્દોનો સંપૂર્ણ અર્થ સમજ્યા પછી સંગીત રચનાઓ શીખો.<br>• પદમ અને જવાલી સંગીતના પ્રકારો વચ્ચેના તફાવતને શીખવાડો.<br>• તિલાના સંગીતના પ્રકારમાં ઉપયોગમાં લેવાયેલી વિવિધ ધૂનો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરો. | | |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Sangeet

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • પદ્મ અને તિલાનાના સંગીતમય અને નૃત્ય આધારિત પ્રસ્તુતિકરણ સમયે તેમને પ્રસ્તુત કરવાની પદ્ધતિના તફાવતનું વિશ્લેષણ કરો.<br>• આપણા દેશના વિવિધ ભાગમાં પ્રચલિત સંગીતનો ખ્યાલ મેળવવા માટે વિવિધ પ્રદેશોના સંગીતને ધ્યાનપૂર્વક સાંભળો. ઉદા. તરીકે કોઈ એક વિસ્તારનું લોક સંગીત, પ્રાર્થના ગીત, રિવાજોનું સંગીત વગેરે.<br>• તમારી માતૃભાષાના જન્મ, લગ્ન, તહેવારો આધારિત કોઈપણ બે લોકગીત શીખો.<br>• અર્ધશાસ્ત્રીય સંગીતના પ્રકારો જેમકે, ભજન, દેશભક્તિ ગીત, પ્રાર્થના ગીત વગેરે શીખો.<br>• એક ગીતમાં રહેલા શબ્દોનો અર્થ શોધી કાઢો, તેની બોલીને જાણો અને તેના વિષયનું વિશ્લેષણ કરો.<br>• આવા ગીતો સાથે ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ લોક વાદ્યો વિશે માહિતી એકઠી કરો.<br>• અહીં આપેલા વિવિધ રાગનો અભ્યાસ કરતા સમયે આરોહમ/અવરોહમ અને અન્ય મહત્ત્વનાં ઘટકોનો અભ્યાસ કરો - હંસધ્વનિ, ભૈરવી, ખારહરપ્રિયા, કલ્યાણી, કમ્બોજી, બિલાહરી, મધ્યામવતી, અરાભી, આનંદભૈરવી, કનડા, ધ્યાનસી, વસન્ત, સિમ્હેન્દ્ર મધ્યમ. કોઈપણ રચના શીખતા પહેલાં મોહમનમ અને શંકરભરનમ. | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમુહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...** | | **વિદ્યાર્થી...** |
| • આપેલા નિયમોની સરખામણી કરો, તેમને પ્રયોગાત્મક ભાગ સાથે સાંકળવા અને નીચે આપેલાં ઉદાહરણો સાથે તેમને પરિભાષિત કરાવવા.<br>- સંગીત<br>- શાસ્ત્રીય સંગીત : હિન્દુસ્તાની અને કર્ણાટકી<br>- અર્ધશાસ્ત્રીય સંગીત<br>- સુગમ સંગીત<br>- લોક સંગીત | MU1101<br><br>MU1102 | સંગીતના વિવિધ પ્રકારોમાં રહેલા સૌદર્ય શાસ્ત્રની પ્રશંસા કરે છે.<br>સંગીતના વિવિધ પ્રકારો વચ્ચેનો તફાવત રજૂ કરે છે, જેમ કે,<br>- શાસ્ત્રીય સંગીત<br>- અર્ધશાસ્ત્રીય સંગીત<br>- સુગમ સંગીત<br>- લોક સંગીત<br>- અત્યાર સુધી જે શીખ્યું છે તેમની તુલના કરે છે અને તેના વિશે લખે છે. |
| • તકનિકી સિદ્ધાંતોનો અભ્યાસ કરાવવોઃ ધ્વનિ, નાદમ, સ્વરમ, સ્વસ્થાનમ, શ્રુતિ, સ્થાયી, ગમકમ, રાગમ, મેલમ, લયમ, તલમ, વાદી, સંવાદી, વિવાદ, અનુવાદી, અમસા-ન્યાસા, જાતિ, ધાતુ, માતુ | MU1103<br><br>MU1104 | કર્ણાટકી સંગીતના તકનિકી સિદ્ધાંતોને પરિભાષિત કરે છે.<br>રાગોની ઉત્ક્રાંતિની સમજૂતી રજૂ કરે છે અને સંગીતના વિવિધ લક્ષણગ્રંથોમાં રહેલી વિગતોનો સાર યાદ કરે છે. |
| • સંગીતનાં વિવિધ પાસાંને શીખવાડતા સમયે આ સિદ્ધાંતને સાંકળો અને તેને અમલમાં મૂકાવો. | MU1105 | ભારતીય શાસ્ત્રીય સંગીતના વિકાસના વિવિધ તબક્કાઓનો અભ્યાસ કરે છે અને સમજે છે. |
| • ગ્રામ-મુરચના અને જાતિ વ્યવસ્થાથી માંડીને અત્યાર સુધી રાગ શબ્દની ઉત્ક્રાંતિના કાળક્રમને સમજાવો. | MU1106 | રાગોનું વર્ગીકરણ કરે છે અને તેમની લાક્ષણિકતાઓ ઓળખે છે. |
| • ઉદાતા, અનુદાતાથી શરૂ કરીતે વર્તમાનના સપ્ત સ્વર સુધીના સ્વરના વિકાસના વિવિધ તબક્કા જાણો અને સમજો. | MU1107 | કર્ણાટકી સંગીતમાં ઉપયોગમાં લેવાતા મહત્ત્વના તાલને સમજે છે. યોગ્ય અંગોનો ઉપયોગ કરીને તમામ સપ્ત તાલની ગણતરી કરે છે. |
| • જુદા-જુદા કાળમાં રાગની રચના ક્યારે અને કેવી રીતે થઈ હતી તે જાણો અને તેમને વર્ગીકૃત કરો. | MU1108 | સંગીતનાં વિવિધ પ્રકારોને ઓળખે છે અને વર્ણનમના સંકેતો જણાવે છે. |
| • લક્ષણગ્રંથ - જેમ કે, સિલપ્પડીકરમ, નાટ્યશાસ્ત્ર, સંગીત રત્નકારા અને ચતુરદંડી પ્રકાશિકા વગેરેમાં આપવામાં આવેલી સંગીત પદ્ધતિઓની વિગતો પ્રાપ્ત કરો. | MU1109 | સંગીતનાં વાદ્યોના વર્ગીકરણ પાછળ રહેલા સિદ્ધાંતોને સમજે છે અને તેમને ગણિત અને ભૌતિક શાસ્ત્ર સાથે સાંકળે છે. |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • ભારતીય શાસ્ત્રીય સંગીતને ક્યારે અને કેવી રીતે બે સંગીત વ્યવસ્થા - કર્ણાટકી અને હિન્દુસ્તાની ( જે આજે પ્રચલિત છે)માં વહેંચવામાં આવ્યું તેના અંગેની વિગતો એકઠી કરો.<br>• ભક્તિ ચળવળ અને તેણે કેવી રીતે ભજન સંપ્રદાયના વિકાસનો માર્ગ પ્રસસ્થ કર્યો તેનાં અંગે વાંચો.<br>• મેલ, ખ્યાલની ઉત્ક્રાંતિ અને 72 થાટની યોજનાના વિકાસ અંગે માહિતી એકઠી કરો.<br>• જનક અને જન્ય રાગ વચ્ચેના તફાવતને સમજો.<br>• જન્મ રાગનાં વિવિધ વર્ગીકરણ શીખો.<br>• અભ્યાસક્રમમાં આપવામાં આવેલા દરેક રાગનું તેની લાક્ષણિકતાઓ (લક્ષણ) સાથે વર્ણન કરો.<br>• 72 થાટની યોજના સાથે ભૂત સંખા અને કત્પયદી સિદ્ધાંતને સાંકળો અને અમલમાં મૂકો.<br>• પાયાના તમામ 7 તાલની બંદિશ જાણો (સુલાદી સપ્ત તાલ)<br>• તાલના શાદનગાસ નામને ઓળખો.<br>• પ્રત્યેક 7 તાલમાં રહેલી જુદી જુદી 5 જાતિના આધારે પાયાના 7 તાલમાંથી તમામ 35 તાલનું જ્ઞાન મેળવો.<br>• ખાનડા અને મિશ્ર ચાપુ તાલની બંદિશ અને તેની ગણતરી પદ્ધતિને સમજો.<br>• સુલાદી સપ્ત તાલ અને ચાપુ તાલ વચ્ચેનો તફાવત જણાવો.<br>• પ્રત્યેક સંગીતના પ્રકારની મૂળભૂત બંદિશ (માળખું) સમજો.<br>• આ પ્રકારોમાં રહેલા વિવિધ અંગો ઓળખો અને તેમનાં નામ જણાવો. | MU1110 | સંગીતની દુનિયામાં વિવિધ સંગીતકારોના યોગદાનની પ્રશંસા કરે છે. |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • આ તમામ પ્રકારોને તેમની બંદિશ, ભાવાત્મક સામગ્રી અને તેમાં ઉપયોગમાં લેવાયેલી ભાષાના આધારે તેમના વચ્ચે રહેલો તફાવત શોધી કાઢો.<br>• કલ્પિતા અને કલ્પના (મનોધર્મ) સંગીતના પ્રકારોનું વર્ગીકરણ કરો અને સંગીતનો કયો પ્રકાર કયા વર્ગ હેઠળ આવે છે તે સમજો.<br>• સંકેતના તમામ ચિન્હોનો ઉપયોગ કરીને વિવિધ અંગોનું વર્ણન કરતા વર્ણમ સાંકેતિક પદ્ધતિમાં લખવાનું શિખો. ઉદા. તરીકે, તાલની બંદિશના ભાગલા, સ્વરનું સ્થાયી સ્વરૂપ વગેરે.<br>• ભારતીય સંગીત વાદ્યોનું વર્ગીકરણ જાણો.<br>- તંતુ - તંતુ વાદ્યો<br>- અવનદ્ય - થાપ મારવાના વાદ્યો<br>- સુષિરા - પવન (ફૂંકથી) વાગતા વાદ્યો<br>- ઘન - ધાતુના વાદ્યો<br>(ઉદા. તરીકે - તાનપુરા, વીણા, વાયોલિન, સિતાર, સરોદ, ગિટાર, ગોટુ વાદ્યમ, એસરાજ, વાંસળી, હાર્મોનિયમ, મૃદંગમ, ઘટમ, તબલા, પખવાજ વગેરે.)<br>• સંગીતનાં વાદ્યોની સંરચના અને ડિઝાઈન, તેમાંથી ધ્વનિ ઉત્પન્ન થવાની પ્રક્રિયા પાછળ રહેલા પાયાના વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સમજો.<br>• વિદ્યાર્થીઓ પાસે સંગીતના સાધનોમાં ગણિત અને વૈજ્ઞાનિક પદ્ધતિઓના મહત્ત્વ સંબંધિત એક પ્રોજેક્ટ તૈયાર કરાવો. (સૈં નાં ગાણિતિક પરિમાણો અને અવાજના ઉત્પાદન પાછળ રહેલો તર્ક)<br>• સંગીતના સાધનોનું માખળું સમજવા અને ગણિત તથા ભૌતિક વિજ્ઞાન સાથેના તેમનાં સંબંધને સમજાવવા માટે સંગીતના વાદ્યોનાં ચિત્રો દોરાવો.<br>• કર્ણાટકી સંગીતના જાણીતા સંગીતશાસ્ત્રીઓ | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-11 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| અને સંગીતકારોનાં જીવનચરિત્રોનો ટૂંકો અભ્યાસ કરો.<br>- ત્યાગરાજા<br>- મુત્તુસ્વામી દિક્ષિતર<br>- શ્યામા શાસ્ત્રી<br>- સ્વાતી તિઉનલ<br>- પુરંદરદાસા<br>- નારાયણ તીર્થ<br>- ભદ્રચલા રામદાસ<br>- જયદેવ<br>- એમ.એસ.સુબ્બુલક્ષ્મી<br>- લાલગુડી જી. જયરામન<br>- પાલઘાટ ટી.એસ. મની અય્યર<br>- અરિયાકુડી રામાનુજ અય્યંગર<br>- વિષ્ણુ નારાયણ ભાતકંડે<br>- મિયાં તાનસેન<br>- વિષ્ણુ દિગંબર પાલુસકર<br>- બિસ્મિલ્લાહ ખાન<br>- પંડિત ભીમસેન જોશી<br>- ઉસ્તાદ અલ્લાહ રખા<br>- ધનમ્મલ<br>- ટી.આર.મહાલિંગમ<br>- પુડુકોટ્ટા દક્ષિણામુર્તી પિલ્લઈ<br>- ટી.એન. રાજારત્નમ પિલ્લઈ<br>- પ્રો. પી. સામ્બા મૂર્તી<br>● કર્ણાટકી સંગીતમાં આ તમામ લોકોનાં યોગદાનને સમજો. | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...** | | **વિદ્યાર્થી...** |
| ● આકેલી તમામ કસોટીઓ શીખો અને તેમને 3 ડીગ્રીની ગતીમાં ગાવાનો અભ્યાસ કરો. | MU1201 | સાત સ્વર અને વિવિધ 5ાયાના અભ્યાસ ગાય છે/ વગાડે છે, જેમકે, મયમલવાગોવલા રાગમાં મંદરા સ્થાયી વારિસાઈ, તારા સ્થાયી વારિસાઈ અને સપ્ત તાલ અલંકાર. |
| ● આ તમામ કસોટીઓને અકારા, ઉકાર, ઈકાર, ઓકારા અને હુંકારની તમામ અભ્યાસને ગાઓ.<br>ઉદા. તરીકે, ઉપરના તમામ સ્વર પ્રકારોને 'અ', 'ઉ', 'ઈ', 'ઓ' અને 'હં' ધ્વનિનો ઉપયોગ કરીને ગાઓ. | MU1202 | નીચે આપેલા રાગની બંદિશો અને તેના સિદ્ધાંતોને સમજે છે - પંતુવરલી, તોડી, નાત, ગૌલા, વરાલી, શ્રી, સાવેરી, મુખારી, કેદારગૌલા, પુર્વીકલ્યાણી, કીરાવણી, રીતીગૌલા, સુરાતી |
| ● આપવામાં આવેલા રાગોની આરોહનમ/ અવરોહનમ અને અન્ય મહત્ત્વની વિગતો શીખો. | MU1203 | સંચારી ગીતમ્સ અને લક્ષણ ગીતમ્સ ગાય છે/ વગાડે છે. |
| | MU1204 | સ્વરજાતિ/જાતિ સ્વરમ ગાય છે/વગાડે છે. |
| ● સંપૂર્ણ રાગની તમામ કસોટીઓનો અભ્યાસ કરો - જેમકે, પન્તુવરાલી, તોડી, કિરવાણી વગેરે.<br>● અગાઉ શીખેલા ગીતમમાં આરોહનમ અને અવરોહમન શીખો. | MU1205 | રાગ અભોગી, કલ્યાણીમાં તના વર્ણમ તથા રાગ આદિ તાલ અને એક વર્ણમમાં બિલાહારી ગાય છે/વગાડે છે. |
| ● ગીતમમાં રહેલા સ્વર અને સાહિત્યના ભાગને શીખો.<br>● સંપૂર્ણ ગીતમને 3 ડિગ્રીની ગતિમાં ગાઓ. | MU1206 | પુરંદરદાસા, નારાયણ તીર્થ અને અન્નામાચાર્ય દ્વારા રચિત ઉત્સવ સંપ્રદાય કિર્તનમ/તરંગમ/ દિવ્યાનમ કિર્તનમ ગાય છે / વગાડે છે. |
| ● તમારી નોટબૂકમાં ગીતમને સાંકેતિક ભાષામાં લખો અને સાથે જ તેને સંલગ્ન સ્વરમ અને સાહિત્યમનું પણ વર્ણન કરો.<br>● લક્ષણગીતમમાં આપેલી રાગ વિશેની વિગતોની નોંધ કરો. | MU1207 | શ્રી ગોપાલકૃષ્ણ બારતી, શ્રી ત્યાગરાજા, શ્રી મુત્તુસ્વામી દિક્ષીતર, શ્રી શ્યામા શાસ્ત્રી અને મહારાજ સ્વાતી તિરુનલ દ્વારા રચિત અદ્યતન કૃતિઓ ગાય છે/વગાડે છે. |
| ● સ્વર વિશે જાણો અને તેને અનુકૂળ સાહિત્યમ અને સ્વરજાતિ વિશે માહિતી મેળવો.<br>● બંને રચનાઓની બંદિશનું વિશ્લેષણ કરો. | MU1208 | મનોધર્મ સંગીતની વિવિધ શાખાઓ ગાય/વગાડે છે, જેમકે, રાગ આલાપના નિરાવલ, આદીમાં કલ્પના સ્વર, રૂપકમ અને ચાપુ તલાસ, આદીમાં આરટીપી અથવા ખાનડા ત્રીપુતા તાલમ. |
| ● જાતિસ્વરમ અને સ્વરજાતિ વચ્ચે રહેલા તફાવતનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરો અને તેમની બંદિશ વચ્ચે રહેલા તફાવતને જણાવો. | MU1209 | પદમ, જવાલી અને તિલાના જેવા સંગીતના અન્ય પ્રકારોની લાક્ષણિકતાઓ સમજે છે અને તેમને ગાય/વગાડે છે. |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • તમારા નિરીક્ષણોનો એક દસ્તાવેજ બનાવો અને તમારા વિચારોની વહેંચણી માટે તેને તમારા સહાધ્યાયીને આપો.<br>• આદિ તાલમમાં એક વર્ણમના પૂર્વાંગમ (પલ્લવી, અનુપલ્લવી અને મુક્તથી સ્વરમ)માં રહેલા સ્વર (ધાતુ) અને સાહિત્યમ (માતુ) વિશે જાણે અને તેનો બે ડિગ્રીની ગતિ સાથે અભ્યાસ કરો.<br>• વર્ણમના ઉત્તરાંગમ (ચરણમ અને ચિટ્ટાઈ સ્વરમ)માં સ્વર વિભાગ (ધાતુ) વિશે શીખો અને સંપૂર્ણ વર્ણમનો બે ડિગ્રીની ગતિમાં અભ્યાસ કરો.<br>• આદિ તાલ અને આદી તાલ વર્ણમ વચ્ચે રહેલા તફાવતને ઓળખો અને તેમની બંદિશ વચ્ચે રહેલા તફાવતનું વિશ્લેષણ કરો.<br>• વર્ણમનાં વિવિધ અંગોના નામ તમારી નોટબૂકમાં નોંધો.<br>• તમે શીખેલા વર્ણમ સંગીતકારો વિશે માહિતી શોધ અને તેમનાં નામ લખો.<br>• સંગીતકારો વિશે કેટલીક પાયાની માહિતી એકઠી કરો અને એ જ સંગીતકારની બીજી રચનાઓ જુઓ તથા તેમની માહિતી તમારી નોટબુકમાં નોંધો.<br>• ગીત અને તેના અર્થ દ્વારા એક સંગીત રચના વિશે સમજ કેળવો.<br>• ઉત્સવ સંપ્રદાય કીર્તનમ/તરંગમ/દિવ્યનમ કીર્તનમના વિવિધ અંગોના નામ લખો અને પ્રત્યેક પ્રકાર એકબીજાથી કેવી રીતે અલગ પડે છે તેનું વિશ્લેષણ કરો.<br>• કર્ણાટકી સંગીતના સમકાલીન સંગીતકારો દ્વારા રચવામાં આવેલી 5 જુદી જુદી રચનાઓ વિશે જાણો, જેમાં વિવિધ કૃતિઓનો સમાવેશ હોઈ શકે છે - જેમકે, ધન રાગ પંચરત્ન, નવરાગ કૃતિ, કમલંબ નવવર્ણ કૃતિ, નવરાત્રિ કૃતિ વગેરે. | MU1210<br><br>MU1211<br><br><br>MU1212 | લોક સંગીતનું વિશ્લેષણ કરે છે અને તેને ગાય/વગાડે છે.<br><br>રાષ્ટ્રગીતમાં રહેલા સ્વર, તાલનો અર્થ સમજે છે અને ગાય/વગાડે છે. રાષ્ટ્રીય મહત્ત્વને સમજવા માટે આ ગીતનો ઈતિહાસ જાણે છે.<br><br>તાનપુરાના વિવિધ ભાગોને ઓળખે છે અને તેના ધૂન કેવી રીતે વગાડવી તેને શીખે છે. |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • ગીતોનાં અર્થ સમજો.<br>• આ સંગીતકારો દ્વારા તેમની રચનાઓમાં જે જુદા જુદા સુશોભિત અંગોનો ઉપયોગ કરાયો હોય તેને શોધો અને લખો - જેમ કે, સંગાતીસ, સ્વરઅક્ષરાસ, ચિટ્ટાઈ સ્વરમ, સ્વર સાહિત્યમ, વિવિધ પ્રકારની મુદ્દાઓ વગેરે.<br>• રાગનો વિગતવાર અભ્યાસ કરતા સમયે તેનાં મહત્ત્વપૂર્ણ ઘટકો જેમકે, વાદી અને સંવાદી સ્વર વગેરેને ખાસ ધ્યાનમાં રાખવાનું શીખવાડો, આ સાથે જ જનતા સ્વર, ધાતુ સ્વર વગેરેનો પ્રયોગ કરવાનું પણ વિદ્યાર્થીઓને શીખવાડો.<br>• રાગના અભ્યાસ દરમિયાન રાગા આલાપના પ્રક્રિયા શીખો.<br>• સંગીતરચનાના એક વિશેષ ભાગ તરીકે નિરાવલને ગાવાની પ્રક્રિયાને સમજો.<br>• આપવામાં આવેલા તાલમમાં કલ્પના સ્વર ગાવાની પદ્ધતિ શીખો.<br>• કલ્પના સ્વર ગાતા સમયે સાદા સ્વરની પદ્ધતિઓ/તીરમનમ અને કોરવાઈનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખો.<br>• આદિ અથવા કનડા ત્રિપુતા તાલમમાં પલ્લવી રાગના ઉપયોગને શીખો.<br>• આ ક્ષેત્રના નિષ્ણાતોને સાંભળો અને મનોધર્મના વિવિધ પાસાને શીખવાડતા સમયે તેમની રચનાત્મક ક્ષમતાઓ વધારો.<br>• ગીતના શબ્દોનો સંપૂર્ણ અર્થ સમજ્યા પછી સંગીત રચનાઓ શીખો.<br>• પદમ અને જવાલી સંગીતના પ્રકારો વચ્ચેના તફાવતને શીખવાડો.<br>• તિલાના સંગીતના પ્રકારમાં ઉપયોગમાં લેવાયેલી વિવિધ ધૂનો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરો.<br>• પદમ અને તિલાનાના સંગીતમય અને નૃત્ય | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| આધારિત પ્રસ્તુતિકરણ સમયે તેમને પ્રસ્તુત કરવાની પદ્ધતિના તફાવતનું વિશ્લેષણ કરો.<br>● આપણા દેશના વિવિધ ભાગમાં પ્રચલિત સંગીતનો ખ્યાલ મેળવવા માટે વિવિધ પ્રદેશોના સંગીતને ધ્યાનપૂર્વક સાંભળો. ઉદા. તરીકે કોઈ એક વિસ્તારનું લોક સંગીત, પ્રાર્થના ગીત, રિવાજોનું સંગીત વગેરે.<br>● તમારી માતૃભાષાના જન્મ, લગ્ન, તહેવારો આધારિત કોઈપણ બે લોકગીત શીખો.<br>● અર્ધશાસ્ત્રીય સંગીતના પ્રકારો જેમકે, ભજન, દેશભક્તિ ગીત, પ્રાર્થના ગીત વગેરે શીખો.<br>● એક ગીતમાં રહેલા શબ્દોનો અર્થ શોધી કાઢો, તેની બોલીને જાણો અને તેના વિષયનું વિશ્લેષણ કરો.<br>● આવા ગીતો સાથે ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ લોક વાદ્યો વિશે માહિતી એકઠી કરો.<br>● વંદે માતરમ અને રાષ્ટ્રગીતમાં રહેલા શબ્દો, સ્વર, તાલ અને તેના ઇતિહાસની માહિતી મેળવો અને તેની નોંધ કરો.<br>● એક ભક્તિ ગીત અને બે પ્રાર્થના ગીતનું માળખું શું છે અને તાલ માટે કયા વાદ્યોનો ઉપયોગ કરાયો છે તે જાણો.<br>● આવા જ સ્વર વિસ્તાર ફિલ્મ સંગીત/સ્થાનિક ફિલ્મ સંગીત/લોક સંગીતમાં શોધો અને તેને તમારી નોટબૂકમાં નોંધો. | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ કે, તેઓ...** | | **વિદ્યાર્થી...** |
| ● કર્ણાટકી સંગીતના તકનિકી સિદ્ધાંતો અને ખ્યાલોને સમજે છે. | MU1201 | કર્ણાટકી સંગીતના તકનિકી સિદ્ધાંતોને પરિભાષિત કરે છે. |
| જનક, જન્ય, વ્રજય, વક્ર, ઘમકા, અરુદી, એડુપ્પા (ગ્રહ), પ્રબંધ, ગરમા, મુરચ્ચના, અક્ષરકલા, માત્રા, અન્ય સ્વર, વાદ્ય વૃંદ, વંદ ગાન, સંગીત કચેરી | MU1202 | વૈદિક કાળથી વર્તમાન સમય સુધીમાં સંગીતના ક્ષેત્રે થયેલી પ્રગતિ અને ઉત્ક્રાંતિની માહિતી એકઠી કરે છે અને તેની પ્રશંસા કરે છે. |
| ● સંગીતના પ્રકારો ગીતી, ગથ, ગાના અને પ્રબંધની ઉત્ક્રાંતિને શોધો. | MU1203 | રાગોનું વર્ગીકરણ કરે છે અને તેમની લાક્ષણિકતાઓ ઓળખે છે. |
| ● સંગીતના વાદ્યો તંતુ, સુષિર, અવનદ્ધ અને ઘના વાદ્યનું મૂળ અને વર્ગીકરણ સમજો. | MU1204 | સંગીતની રચનાઓને સાંકેતિક ભાષાના સિદ્ધાંતો શીખે છે અને કૃતિને સાંકેતિક ભાષામાં લખે છે. |
| ● લક્ષણગ્રંથો જેમકે, સંગીત સંપ્રદાય પ્રદર્શિની, સ્વરમેલકલાનિધિ, રાગ વિબોધ, બૃહદદેશી, સંગીત સરમ્રીતાનો ટૂંકો અભ્યાસ કરો. | MU1205 | કર્ણાટકી સંગીતમાં ઉપયોગમાં લેવાતા મહત્ત્વના તાલને સમજે છે. યોગ્ય અંગોનો ઉપયોગ કરીને તમામ સપ્ત તાલની ગણતરી કરે છે. |
| ● ભારતીય શાસ્ત્રીય સંગીતમાં વિદેશી સંગીત વાદ્યોને સામેલ કરવાનું કારણ જાણો. | | |
| ● રાગના વર્ગીકરણની અન્ય પદ્ધતિઓ વિશે જાણો, જેમકે - 'ધન-નય-દેસ્ય' અને 'ઉપંગાભાષંગા'. | MU1206 | શાસ્ત્રીય સંગીતનાં વિવિધ પ્રકારોને ઓળખે છે. |
| ● વેંકટમખી દ્વારા રચવામાં આવેલી અસમપૂર્ણ મેલા પદ્ધતિના સિદ્ધાંતો જાણો. | MU1207 | સંગીતના આરટીપી પ્રકારને વિગતવાર સમજે છે. |
| ● અભ્યાસક્રમમાં આપવામાં આવેલા વિવિધ રાગોની મહત્ત્વની લાક્ષણિકતાઓનું વર્ણન કરો. | MU1208 | ભારતીય શાસ્ત્રીય સંગીતમાં ઉપયોગમાં લેવાતા વિદેશી વાદ્યોને ઓળખે છે અને તેમની યાદી તૈયાર કરે છે. |
| ● સાંકેતિક ભાષામાં લખવા માટેના તમામ નિયમો જાણો. | MU1209 | ચાર-ગણા વર્ગીકરણ સિદ્ધાંતના આધારે સંગીતના વાદ્યોનું વર્ગીકરણ કરે છે. |
| ● આપવામાં આવેલી કૃતિની કલા પ્રમાણમ અને બંદિશને ઓળખો અને તેને સારી રીતે સાંકેતિક ભાષામાં લખો. | MU1210 | સંગીતની દુનિયામાં વિવિધ સંગીતકારોના યોગદાનની પ્રશંસા કરે છે. |
| ● દેસાદી અને મધ્યદી તાલની બંદિશો સમજો અને ચાપુ તાલની વિવિધતાઓ સમજો. જેમાં તીસરા, ખાનડ, મિસરા અને સંકીર્ણ ચાપુનો સમાવેશ થાય છે. | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● આદી તાલથી તે કેવી રીતે અલગ છે તેનું વિશ્લેષણ રજૂ કરો.<br>● સંગીતના વિવિધ પ્રકારોમાં રહેલા બંદિશ અને ગાયકી વચ્ચેના અંતરને સમજો, જેમકે, પદમ, જવાલી, તિલાના, કૃતિ, તિરુપ્પુગાઝ, વિરુત્તમ અને રાગમલિકા.<br>● રાગમ-તનમ-પલ્લવીના પ્રસ્તુતીકરણની તકનિકી બાબતો જાણો.<br>● પદ ગરભમ અથવા અરુડીના વિશેષ સંદર્ભને ધ્યાનમાં રાખીને પલ્લવીની બંદિશને સમજો.<br>● પલ્લવીનાં વિવિધ પ્રકારો જાણો, જેમકે - રેટ્ટાઈ પલ્લવી, રાગમલિકા પલ્લવી, તલામલિકા પલ્લવી વગેરે.<br>● ભારતીય શાસ્ત્રીય સંગીતમાં ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ વિદેશી સંગીતનાં વાદ્યો, જેમકે વાયોલિન, મેન્ડોલિન, સેક્સાફોન, ક્લેરિનેટ, ગીટાર, કીબોર્ડની વિગતવાર માહિતી મેળવો અને તેનું મૂળ માળખું ઓળખો.<br>● કર્ણાટકી સંગીતના જાણીતા સંગીતકારો અને સંગીતશાસ્ત્રીઓના જીવનચરિત્રનો ટૂંકમાં અભ્યાસ કરો.<br>- ભદ્રચલમ રામદાસ<br>- ક્ષેત્રૈય્યા<br>- નારાયણ તીર્થ<br>- ગોપાલકૃષ્ણ ભારતી<br>- અન્નામાચાર્ય<br>- મહાવૈદ્યનાથ અય્યર<br>- પતનમ સુબ્રામણ્યમ અય્યર<br>- રામાનંદ શ્રીનિવાસ અયંગર<br>- મૈસૂર વાસુદેવાચાર્ય<br>- હરિકૃષ્ણનલ્લુર મુથય્યા ભાગવતાર | | |

# કર્ણાટકી સંગીત - કંઠ્ય / સ્વર

## ધોરણ-12 : કંઠ્ય અને વાદ્ય : સૈદ્ધાંતિક (Theory)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| - મુસીરી સુબ્રમણ્યમ અય્યર<br>- ચેમ્બાઈ વૈદ્યનાથ ભાગવતાર<br>- સેમાંગુડી શ્રીનિવાસ અય્યર<br>- જી.એન. બાલાસુબ્રમણ્યમ<br>- મૈસૂર દુરૈઈસ્વામી અયંગર<br>- કરાઈકુડી સમસિવા અય્યર<br>- કે.એસ. નારાયણસ્વામી<br>- પલાની સુબ્રમણ્યમ પિલ્લઈ<br>- તાંજોર વૈદ્યનાથ અય્યર<br>- દ્વારમ વેંકટસ્વામી નાયડુ<br>- રાજામનિક્કમ પિલ્લઈ<br>- પલ્લડમ સંજીવ રાવ<br>- એમ. બાલામુરલીકૃષ્ણ<br>● આ સંગીતકારા દ્વારા કર્ણાટકી સંગીતમાં આપવામાં આવેલા યોગદાનને સમજો. | | |